# ભારતમાં વિકાસ સામેનો મુખ્ય પડકાર: ગરીબી

ડૉ. અશોક પુરોહિત
આસી. પ્રોફેસર,
એમ. એ. પરીખ આર્ટસ્ એન્ડ ફાઇન આર્ટસ્ કોલેજ, પાલનપુર

વિકાસ એ બૃહદ સંકલ્પના અને બહુઆયામી પ્રક્રિયા છે. વિકાસના ખ્યાલને સામાજિક, આર્થિક, રાજકીય, માનસશાસ્ત્રીય, સંચાલકીય એમ વિવિધ દૃષ્ટિકોણોથી વ્યાખ્યાયિત કરવાના પ્રયત્નો થયા છે પરંતુ કોઇ એક ચોક્કસ વ્યાખ્યા અંગે સર્વસંમતિ સાધી શકાઇ નથી. આમ છતાં એક બાબત સ્પષ્ટ છે કે વિકાસ ઝડપી, સર્વગ્રાહી, સર્વસ્પર્શી, સર્વસમાવિષ્ટ, સર્વભોગ્ય અને સાતત્યપૂર્ણ હોવો જોઇએ. બીજા વિશ્વ યુદ્ધ પછી વિશ્વના દેશો સમક્ષ વિકાસને લગતા વિવિધ પ્રકારના મોડેલ્સ પણ પ્રસ્તુત કરવામાં આવ્યા. દરેક દેશે પોતપોતાને અનુકૂળ હોય તેવું વિકાસ મોડેલ અપનાવી પ્રગતિ કરવાના પ્રયાસો હાથ ધર્યા. પ્રસ્તુત લેખમાં ભારતના આર્થિક અને સામાજિક વિકાસના પરિમાણો અને પડકારો વિશે ચર્ચા કરવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે.

વર્તમાન સમયમાં આર્થિક વિકાસમાં બચત, મૂડી, રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક, કુલ ઘરેલું ઉત્પાદન, વેપાર, વિકાસદર વગેરે પરિબળો મહત્વની ભૂમિકા ભજવતા હોવા છતાં માત્ર તેને જ આર્થિક વિકાસ કહેવામાં આવતો નથી. તે આર્થિક વૃદ્દિધ છે.આર્થિક વૃદ્દિધ થોડો સંકુચિત ખ્યાલ છે. આર્થિક વૃદ્દિધ જથ્થાત્મક બાબત છે.જયારે આર્થિક વિકાસ ગુણાત્મક અને વ્યાપક ખ્યાલ છે. આર્થિક વૃદ્દિધ થઇ હોય પરંતુ આર્થિક વિકાસ શકય છે કે ન પણ થયો હોય. જી.ડી.પી.ના દરમાં નોંધપાત્ર વધારો થવાથી આર્થિક વિકાસ થયો છે તેમ માની શકાય નહિ. આર્થિક વિકાસ એ આર્થિક વૃદ્દિધની સાથોસાથ લોકોના જીવન ધોરણમાં ગુણાત્મક સુધારો, દમનમાંથી મુકિત અને પસંદગીના સ્વાતંત્ર્ય સાથે નિસ્બત ધરાવે છે. આર્થિક વિકાસની પ્રક્રિયામાં માનવ શકિત અને માનવ વિકાસના મહત્વનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. અર્થશાસ્ત્રમાં માનવમૂડી ને સક્ષમ બનાવવા માનવમૂડીના ક્ષેત્રમાં મૂડીરોકાણ કરવા પર ભાર આપવાના પ્રયત્નો શરૂ થયા છે. માનવીની શારીરિક અને માનસિક શકિતઓના વિકાસમાટે મૂડી રોકાણ દ્વારા માનવોની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરીને માનવશકિતને આર્થિક વિકાસની પ્રક્રિયામાં જોતરવી જોઇએ એમ અર્થશાસ્ત્રીઓ માને છે. કોઇપણ દેશના આર્થિક વિકાસમાં બે શકિતઓ મહત્વની અને નિર્ણાયક ભૂમિકા ભજવતી હોય છે. (૧) કુદરતી શકિત અને (૨)માનવ શકિત. બન્ને શકિતઓ વચ્ચે સંવાદિતા, સમન્વય સાધવો તે બાબત અતિ મહત્ત્વની બની રહે છે. આપણી અણઆવડત કે કમનસીબી એ છે કે બન્ને શકિતઓ વચ્ચે સુમેળ સાધી સદઉપયોગ કરી શકાયો નથી.

આધુનિક સમયમાં માનવ વિકાસ પર વિશેષ ભાર આપવામાં આવી રહયો છે. સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) દ્વારા કેટલાક ચોકકસ માપદંડોના આધારે જુદા જુદા રાષ્ટ્રોનો માનવ વિકાસ આંક દર વર્ષે નક્કી કરવામાં આવે છે. માનવ વિકાસના માપદંડોમાં શિક્ષણ,આરોગ્ય, આયુષ્ય દર, બાળ મૃત્યુદર, ગરીબી, બેરોજગારી વગેરે જેવા માપદંડોને આધારે માનવ વિકાસ તપાસવામાં આવે છે.તાજેતરમાં યુ.એન.ડી.પી. દ્વારા તૈયાર કરવામાં આવેલ માનવ વિકાસ આંકના સંદર્ભમાં વાત કરીએ તો વર્ષ ૨૦૧૩માં પ્રકાશિત કરવામાં આવેલ માનવ વિકાસ અહેવાલ પ્રમાણે વિશ્વના ૧૮૬ દેશો પૈકી ભારતનો ક્રમ ૧૩૬ છે. અહેવાલમાયા પ્રમાણે ભારતમાં અપેક્ષિત આયુષ્ય ૬૫.૮ વર્ષ, શૈષવ મૃત્યુદર પ્રત્યેક હજારે ૪૮, પાંચ વર્ષથી નીચેની વયના બાળકોનો મૃત્યુદર પ્રત્યેક હજારે ૬૩, પ્રૌઢ સાક્ષરતાનું પ્રમાણ ૬૨.૮%, માથાદીઠ આવક ૧૩૩૦ અમેરિકી ડોલર, ગરીબીનો દર ૩૭.૨% કુપોષણનો દર ૪૨.૫% છે. યુ.એન.ડી.પી. અહેવાલના આંકડાઓ પરથી સ્પસ્ટ થાય છે કે ભારતમાં માનવ વિકાસનો દર ઘણો ઓછો છે. માનવ વિકાસનો નિચો દર અલ્પ વિકસિત અર્થતંત્રની એક લાક્ષણિકતા છે. અહીં પ્રશ્ન એ પણ ઉપસ્થિત થાય કે માનવીનો માત્ર ભૌતિક વિકાસ થાય તે પર્યાપ્ત નથી. મનુષ્યનો સામાજિક, બૌધિક, ભાવાત્મક, આદયાત્મિક એમ સર્વાંગી વિકાસ થવો જોઇએ.

સમાનતા અને સ્વતંત્રતા એ લોકશાહીના પાયાના આધારસ્તંભો માનવામાં આવે છે. સમાનતા અને સ્વતંત્રતાનો રાજકીય, સામાજિક ઉપરાંત આર્થિક ક્ષેત્રે પણ વિચાર કરવામાં આવ્યો છે. આર્થિક સમાનતાની વાત કરીએ તો કહી શકાયકે કોઇ પણ દેશમાં સંપૂર્ણ આર્થિક સમાનતા સ્થાપવી શકય નથી. તે માત્ર એક આદર્શ છે. સોવિયેત રશિયા અને ચીને સામ્યવાદી મોડેલ દ્વારા આર્થિક સમાનતા સ્થાપવાના અથાક પ્રયત્નો કર્યા છતાં નિષ્ફળતા મળી. આથી કહી શકાય કે શકય હોય ત્યાં સુધી આર્થિક અસમાનતાના પ્રમાણને ઘટાડવું. બધાને કરોડપતિ બનાવવા શકય નથી. આથી આમ આદમીની આર્થિક સ્થિતિમાં શકય હોય તેટલા અંશે સુધારો લાવી તેનું જીવન ધોરણ ઊંચું લાવવું તેમ સ્વીકારવામાં આવ્યું છે.

આર્થિક સ્વતંત્રતામાટે અર્થશાસ્ત્રમાં હરિફાઇનું સ્વાતંત્ર, પસંદગીનું સ્વાતંત્ર, માલ-મિલકતના રક્ષણનું સ્વાતંત્ર, કોઇ પણ ધંધો, રોજગાર કે વ્યવસાયનું સ્વાતંત્ર, મિલકતનું ઉપાર્જન, સંચય કે વ્યયનું સ્વાતંત્ર એવા ભારેખમ શબ્દો પ્રયોજવામાં આવે છે. પરંતું આર્થિક સ્વાતંત્રનો સીધો અને સરળ અર્થ એ થાય છે કે વ્યકિતનું ન્યૂનતમ જીવન ધોરણ જળવાવું જોઇએ. વ્યકિતની પ્રાથમિક જરૂરીયાતો સંતોષાવી જોઇએ.

ભારતના બંધારણમાં વ્યકિતને જીવન જીવવાનો અધિકાર (અનુ.૨૧) આપવામાં આવ્યો છે પરતું જીવન જીવવાનો એટલે કે ગૌરવપૂર્ણ સારું જીવન જીવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ગરીબી, ભૂખમરો કે બેકારીની અવસ્થામાં નર્કાગાર જેવું જીવન જીવવાના અધિકારનો કોઇ અર્થ નથી. આથી એવું સ્વીકારવામાં આવ્યું છે કે સરકાર દ્વારા વ્યકિતની મૂળભૂત પ્રાથમિક જરૂરીયાતો સંતોષાય તેવા વાતાવરણનું નિર્માણ કરવું જોઇએ. રાજય દ્વારા વ્યકિત માટે એટલીતો રોજગારીનું નિમાર્ણ કરવું જોઇએ કેજેના દ્વારા વ્યકિત પોતાનું અને પોતાના કુટુંબનો નિર્વાહ કરી શકે. સામાન્ય રીતે પાંચ મૂળભૂત પ્રાથમિક જરૂરીયાતો પરિપૂર્ણ

કરવી આવશ્યક માનવામાં આવે છે. (૧) પોષણ યુકત આહાર (૨) સ્વચ્છ પીવાનું પાણી (૩) પ્રાથમિક આરોગ્ય (૪) સ્વચ્છ હવાઉજાસ વાળું રહેઠાણ અને (૫) પ્રાથમિક શિક્ષણ. ભારતમાં જયારે આમ જનસમુદાયની પ્રાથમિક જરૂરીયાતો આઝાદીના આટલા વર્ષો બાદ પણ સંતોષાઇ નથી ત્યારે ભારતીય અર્થતંત્ર અલ્પવિકસિતમાંથી વિકાસમાન બનવા હરણફાળ ભરી રહયું છે તેમ કહેવું અતિશયોકિત ભર્યું લાગે છે.

સ્વાતંત્ર્યોતર ભારતમાં ઘડવામાં આવેલા આપણાં બંધારણમાં ભારતમાં કલ્યાણ રાજય પ્રસ્થાપિત કરવાનો હેતુ સ્પષ્ટ પણે જોવા મળે છે. બંધારણનું આમુખ હોય, રાજય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો કે અન્ય જોગવાઇઓ હોય તમામમાં કલ્યાણ રાજયનો ઉમદા હેતુ પ્રતિબિંબિત થાય છે. બંધારણના આમુખમાં તમામ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, દરજ્જા અને તકની સમાનતા, વ્યકિતનું ગૌરવ જેવા આદર્શો અને ધ્યેયો સિદ્ધ કરવાનો સંકલ્પ રહેલો છે. આથી બંધારણમાં રહેલા ઉચ્ચ આદર્શોને કેન્દ્રમાં રાખીને આર્થિક વિકાસ સાધવાનો છે. તાજેતરમાં આપણા પ્રધાનમંત્રી માનનીય ડૉ. મનમોહનસિંહે જાહેર પ્રવચનમાં કહયું હતું કે ભારતના આર્થિક વિકાસને માનવીય ચહેરો હોવો જોઇએ (Economoc development with human face). પરંતુ ભારતના આર્થિક વિકાસને માનવીય ચહેરો છે કે કેમ તે યક્ષ પ્રશ્ન છે.

ભારતમાં આર્થિક વિકાસની આડે આવતા ઘણાં બધાં અવરોધક પરિબળો છે. તેમાં સૌથી મોટું અવરોધક પરિબળ મારી દ્દષ્ટિએ વસ્તી વિસ્ફોટ છે. ભારતમાં વસ્તી એટલી બધી કૂદકે અને ભૂસકે વધતી જાય છે કે આર્થિક પ્રગતિ દેખાય તેમ જ નથી. આ ઉપરાંત કૃષિ આધારિત અર્થતંત્ર, મહદંશે પરંપરાગત ખેતી, અદ્યતન વિજ્ઞાન અને ટેકનોલોજીના સાધનોના વપરાશનો અભાવ,વણ વપરાયેલી કુદરતી સંપતિ, પૂરતી ભૌતિક અને સામાજિક આંતર માળખાકીય સુવિધાનો અભાવ,પરંપરાગત સામાજિક-ધાર્મિક માન્યતાઓ, મનોવલણો, ભ્રષ્ટાચાર, સરકારી નીતિઓ વગેરે બાબતો વિકાસમાં અંતરાયરૂપ બને છે. આ બધા પરિબળોને કારણે અપેક્ષિત આર્થિક વિકાસ થઇ શકતો નથી. પરિણામ સ્વરૂપ ગરીબી, બેરોજગારી જેવી સમસ્યો વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે. ભારતીય અર્થતંત્રમાં મંદી, મોંઘવારી, ફૂગાવો, ગરીબી, બેરોજગારી, આર્થિક સુધારાઓની ધીમી ગતિ, રૂપિયાનું અવમૂલ્યન જેવી અનેક સમસ્યાઓ હોવા છતાં ભારતીય અર્થતંત્ર સામેની સૌથી પડકારરૂપ સમસ્યા ગણાતી ગરીબીની ચર્ચા અત્રે પ્રસ્તુત લેખાશે.

## *ભારતમાં ગરીબીની સમસ્યા અને ઉકેલ*

સ્વાતંત્ર્યોતર ભારતમાં એક બાજુ ઝડપથી થઇ રહેલો વસ્તી વધારો અને બીજી બાજુ ધીમા, અસંતુલિત આર્થિક વિકાસના કારણે જે સમસ્યાઓ ઉદ્‌ભવી છે તેમાં મુખ્ય અને આઝાદીના ૬૭ વર્ષ પછી પણ વણ ઉકેલાયેલી સમસ્યા ગરીબીની છે. ભારતમાં શરૂઆતના અરસામાં એમ માનવામાં આવ્યું કે આયોજિત અર્થતંત્ર દ્વારા જેમ જેમ વિકાસ થતો જશે તેમ તેમ ગરીબીની સમસ્યા હલ થતી જશે પરંતુ અપેક્ષા મુજબ

થયું નહિ. આર્થિક વૃદિધ થઇ પરંતુ ગરીબીનો પ્રશ્ન તેમનો તેમજ સળગતો રહયો. આર્થિક વિકાસનો લાભ માત્ર મુઠ્ઠીભર વર્ગને જ મળ્યો જયારે વિશાળ આમ જનસમુદાય વિકાસના લાભથી વંચિત રહયો.

૧૯૯૧થી ભારતમાં વૈશ્વિકરણ અને આર્થિક ઉદારીકરણના ભાગરૂપે નવી આર્થિકનીતિ અમલમાં મૂકવામાં આવી પરતું તેમાં કેટલાંક રાજયો જેવાં કે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટકમાં વધુ મૂડી રોકાણ થયું. જયારે જેને બિમારુ (BIMARU) રાજયો ગણવામાં આવે છે તેવા બિહાર, મદ્દય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ વગેરેમાં ઓછું મૂડી રોકાણ થયું. પરિણામે આવા રાજયો આર્થિક રીતે સદ્દઘર થઇ શકયા નહિ. દેશમાં સમતોલ આર્થિક વિકાસ થયો નહિ અને જાણે કે વિકાસના સંકુલો ઊભા થયા. આ રાજયોમાં ગરીબીની સમસ્યા ઉકેલાવાના બદલે વિકરાળ સ્વરૂપ ધારણ કરતી ગઈ.આ પ્રદેશના લોકો સાપેક્ષ વંચિતતાની લાગણી અનુભવવા લાગ્યા. પરિણામે ભારતીય રાજકીય પ્રથા અત્યારે વિતરણલક્ષી કટોકટી, લોકસ્વીકૃતિની કટોકટી અને રાષ્ટ્રીય એકીકરણની કટોકટીનો સામનો કરી રહી છે. કોઇપણ રાજકીય પ્રથા સત્વરે આ પ્રકારની કટોકટીઓનો ઉકેલ લાવે તેમાં જ તેનું હિત સમાયેલું હોય છે.

ભારતમાં ગરીબીને કેટલાક નિર્દેશકો જેવાકે માથાદીઠ આવક, લઘુતમ ખર્ચ, પ્રાપ્ત કેલરી વગેરે દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે. પરંતુ સામાન્ય અર્થમાં ગરીબ એટલે એક એવો વર્ગ જેઓ પોતાની મૂળભૂત પાયાની જરૂરીયાતો પણ સંતોષી શકતો નથી. ન્યૂનતમ જીવન ધોરણ માટે જરૂરી પ્રાથમિક જરૂરીયાતોથી વંચિત છે. ગરીબીની લાક્ષણિકતાઓ જોઇએતો તેમને પૌષ્ટિક આહાર મળતો નથી. ગંદા વસવાટોમાં રહે છે. રોગિષ્ટ અને બિન આરોગ્યપ્રદ જીવનના કારણે આયુષ્ય ટૂંકુ હોય છે. બાળકો કુપોષણનો ભોગ બનેલા હોય છે. બાળ મૃત્યુદરનું પ્રમાણ વધારે હોય છે. સંસ્થાકીય પ્રસૂતિ ન થવાથી પ્રસૂતિ દરમિયાન માતાનું મોત નિપજે છે. નિરક્ષરતાનું પ્રમાણ વધારે હોય છે.

ઇન્ટર નેશનલ ફૂડ પોલીસી રીસર્ચ ઇન્સ્ટીટયુશન (IFPRI)ના વર્ષ ૨૦૧૨ના અહેવાલ પ્રમાણે ભારતમાં ભૂખમરાની સ્થિતિ ચેતવણીરૂપ તબક્કામાં છે. ગ્લોબલ હંગર ઇન્ડેક્ષ ૨૦૧૨માં ભારતનો ગુણાંક ૨૨.૯ છે. ૨૦થી વધુ હોય તેવી સ્થિતિ ખતરારૂપ ગણાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ (૨૦૧૧) પ્રમાણે પાંચ વર્ષથી નિચેના બાળકોનો મૃત્યુ દર પ્રત્યેક હજારે ૬૧ છે. વૈશ્વિક સરેરાશ બાળમૃત્યુદર પ્રત્યેક હજારે ૫૧ છે. આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં બાળ મૃત્યુદરનું પ્રમાણ વધારે છે. ભારતનો સાક્ષરતા દર ૭૪.૦૪% છે.આથી કહી શકાય કે ભારતમાં ગરીબીનો દર, ગરીબીની ગહનતા અને તીવ્રતા ખરેખર ગંભીર અને ચિંતાનો વિષય છે.

ભારતમાં ગરીબીનો અંદાજ કાઢવા માટે રચવામાં આવેલી તેંડુલકર સમિતિના અભ્યાસના આધારે આયોજન પંચ દ્વારા ૨૨,જુલાઇ ૨૦૧૩ના રોજ બહાર પાડવામાં આવેલા અહેવાલ પ્રમાણે ભારતમાં કુલ ૨૧.૯ ટકા લોકો ગરીબીની રેખા હેઠળ જીવી રહયા છે.જેમાં ગ્રામીણ ક્ષેત્રમાં ૨૫.૭ ટકા અને શહેરી વિસ્તારોમાં ૧૩.૭ ટકા છે. સંખ્યાની દ્દષ્ટિએ જોઇએતો ભારતમાં ગ્રામીણ વિસ્તારમાં ૨૧૬૬.૫૮ લાખ, શહેરોમાં ૫૩૧.૨૫ લાખ એમ કુલ મળીને ૨૬૯૭.૮૩ લાખ લોકો ગરીબી રેખા હેઠળ જીવે છે. અહેવાલ પ્રમાણે ગ્રામીણ ક્ષેત્રમાં

માથાદીઠ માસિક આવક ₹ ૮૧૬ અને શહેરમાં માથાદીઠ માસિક આવક ₹ ૧૦૦૦ છે. આથી કહી શકાય કે ગ્રામીણ વિસ્તારમાં પાંચ વ્યકિતઓના કુટુંબની માસિક આવક ₹ ૪૦૮૦ અને શહેરમાં ₹ ૫૦૦૦ છે. આથી દરેક વ્યકિતની દરરોજની આવક ગામડામાં ૨૭ ₹ અને ૨૦ પૈસા તથા શહેરમાં ૩૩ ₹ અને ૩૩ પૈસા થાય. આનાથી ઓછી આવક ધરાવનાર માણસ ગરીબ ગણાય. આયોજનપંચનો અહેવાલ પ્રસિદ્દ્ધ થયા પછી દેશભરમાં ગરીબી અંગેના પ્રસ્તુત આંકડાઓની વાસ્તવિકતા અને વિશ્વસનીયતા પર ભારે ચર્ચા ચાલી અને મીડિયા વગેરેમાં અહેવાલની ટીકાઓ થઇ. પ્રસ્તુત લેખ લખાય છે ત્યારે ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીનો બજારભાવ રૂ. ૮૦ છે! ફૂગાવો અને મોંઘવારી જે હદે વધી રહયા છે તે જોતાં આટલી આવક માંથી ગરીબ પરીવાર કઇ રીતે પોતાનું ગુજરાન ચલાવે તે એક સણસણતો સવાલ છે. અહેવાલ પ્રમાણે છતિસગઢ, ઝારખંડ, મણિપુર, અરૂણાચલપ્રદેશ, બિહાર, ઓડિશા, આસામ, મદયપ્રદેશ વગેરે દેશના સૌથી ગરીબ રાજયો છે.

ભારતનાં સૌથી ગરીબ રાજયો (તેંડુલકર સમિતિ પ્રમાણે)

| ક્રમ | રાજય | ગરીબ વ્યકિતઓની ટકાવારી | ગરીબ વ્યકિતઓની સંખ્યા (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | છત્તિસગઢ | ૩૯.૯૩ | ૧૦૪.૧૧ |
| ૨ | ઝારખંડ | ૩૬.૯૬ | ૧૨૪.૩૩ |
| ૩ | મણિપુર | ૩૬.૮૯ | ૧૦.૨૨ |
| ૪ | અરૂણાચલ પ્રદેશ | ૩૪.૬૭ | ૪.૯૧ |
| ૫ | બિહાર | ૩૩.૭૪ | ૩૫૮.૧૫ |
| ૬ | ઓડિશા | ૩૨.૫૯ | ૧૩૮.૫૩ |
| ૭ | આસામ | ૩૧.૯૮ | ૧૦૧.૨૭ |
| ૮ | મદયપ્રદેશ | ૩૧.૬૫ | ૨૩૪.૦૬ |

સ્ત્રોતઃ આયોજન પંચ અહેવાલ, ભારત સરકાર, ૨૨ જુલાઇ, ૨૦૧૩

ઉપરોકત આંકડાઓ ઉપરથી સ્પસ્ટ થાય છે કે ભારતમાં હજુ ઘણાં રાજયો વધુ ગરીબ છે. ભારતનો સમતોલ વિકાસ થાય તે જરૂરી છે.

ગરીબી નિર્મૂલન : ભારતમાં ગરીબી નિવારણ માટે આઝાદીથી માંડીને આજ પર્યંત અનેક પ્રયત્નો કરવામાં આવ્યા છે. આમ છતાં તેમાં આંશિક સફળતા મળી છે. સરકાર દ્વારા ગરીબી નિવારણ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવ્યા છે. ગરીબીની ટકાવારીમાં ઘટાડો જરૂર થયો છે આમ છતાં ગરીબીનો પ્રશ્ન યથાવત્ રહયો છે.

ગરીબીને સ્પર્શે છે ત્યાં સુધી કહી શકાય કે ગરીબ લોકોની માનસિકતા, માન્યતાઓ, મનોવલણો પણ થોડાઘણા અંશે ગરીબી માટે જવાબદાર હોય છે. પોતાની ગરીબી માટે પૂર્વ જન્મના કર્મો અને કર્મોનું ફળ જવાબદાર છે તેમ માનીને થોડો માનસિક આત્મ સંતોષ અનુભવે છે. પરંતુ નસીબવાદને કારણે તેઓ ગરીબી દૂર કરવા કઠોર પરિશ્રમ કરતા નથી. ગરીબી દૂર કરવા પ્રારબ્ધ નહીં પણ પુરુષાર્થની જરૂર હોય છે. ગુજરાતની વાત કરીએ તો ગામડાઓમાં ખેતમજૂરો અને શહેરોમાં બાંધકામ જેવા ક્ષેત્રોમાં મજૂરોની ભારે અછત વર્તાય છે. દિવસના ૨૦૦ ₹ આપવા છતાં મજૂરો મળતા નથી. આથી ગુજરાતમાં રોજગારીના અભાવે લોકો ગરીબ છે તેમ માની શકાય નહિ. રાજસ્થાનથી મોટા પ્રમાણમાં લોકો મજૂરી અર્થે ગુજરાતમાં આવે છે. બીજું કે ભારતમાં મા-બાપ સરકારની માનસિકતા જોવા મળે છે.

નબળા વર્ગના લોકો પોતાના કલ્યાણ, ઉત્કર્ષ માટે સરકાર તરફ મીટ માંડીને બેસે છે. તેઓ સરકાર દ્વારા પોતાનું સશક્તિકરણ ઇચ્છે છે. (Empowerment through State ) સરકારને પોતાના તારણહાર તરીકે જુએ છે. સરકારે પણ ગરીબોને રોટી આપવા કરતાં રોજગારી આપવાની વધુ જરૂર છે.

અંતમાં કહી શકાય કે ગરીબી નિવારણ માટે વસ્તી વધારા પર નિયંત્રણ, ઝડપી આર્થિક વિકાસ દર, ઉત્પાદન અને વિતરણ પ્રથામાં ગુણાત્મક સુધારા, વિકાસનું સમતોલ અને ન્યાયી વિતરણ, વિતરણ પ્રથામાં ભ્રષ્ટ્રાચાર નાબૂદી, કૃષિ ક્ષેત્રને મહત્ત્વ અને પ્રાધાન્ય, મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે વધુ વિકાસ, નાના, લઘુ ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન, રોજગારીનું વિપુલ માત્રામાં સર્જન તેમજ મતબેંક, રાજકારણ અને પક્ષાપક્ષીથી દૂર રહી ગરીબને કેન્દ્રમાં રાખી નીતિ-નિર્ધાર અને તેના ચુસ્ત અમલીકરણી દ્વારા ગરીબીની સમસ્યાને હલ કરી શકાય તેમ છે. આશા રાખીએ કે આયોજનપંચની બારમી પંચ વર્ષીય યોજનામાં વપરાયેલા સરસ મજાના શબ્દો Rapid, Inclusive, sustainable Growth સાચા અર્થમાં વ્યવહારમાં ચરિતાર્થ થાય.